પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મઃરૂક્ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદ્યાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ આઠમ બુધવાર ૮ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૮

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

## માત્ર 12 કલાકમાં જ 13 ઈંચ વરસાદ ઝીંકાતા

# સુરત ડૂબ્યું



ડિંડોલી વિસ્તાર

(તસવીરઃ હેમંત ડેરે)

### ■ ભારે વરસાદને પગલે મોટાભાગનું સુરત પાણીમાં ■ મોટાભાગના વિસ્તારો જાણે બેટ બની ગયા, વાહનવ્યવહાર અટકી ગયો, જનજીવન ખોરવાઈ ગયું ■ પલસાણામાં 17 અને કામરેજમાં 16 ઈંચ વરસાદને પગલે સુરતમાં ખાડીપૂર ■ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી યથાવત, સ્કૂલ-કોલેજોમાં રજા આપી દેવાઈ

સુરતઃ ગઈકાલે એક જ દિવસમાં બે કલાકમાં ચાર કલાક વરસીને સુરતને પાણી પાણી કરી દેનાર મેઘરાજાએ આજે સુરત શહેરની સાથે સાથે આખા જિલ્લામાં જાણે તાંડવ કર્યું હતું. સુરત શહેરમાં માત્ર 12 જ કલાકમાં 13 ઈંચ વરસાદ સાથે મોટાભાગનું સુરત પાણીમાં જોવા મળ્યું હતું. રસ્તાઓ પર પાણી ફરી વળવાની સાથે લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. સુરતમાં તમામ ગરનાળાઓ પાણી ગરકાવ થઈ ગયા હતા. સુરત શહેરમાં ભાગ્યે જ એવો કોઈ વિસ્તાર હતો કે જ્યાં પાણી ભરાયા નહીં હોય. સુરતમાં મોટાભાગના વિસ્તારો પાણી ભરાવાને કારણે બેટમાં ફેરવાઈ ગયા હતા. છેક કામરેજથી શરૂ કરીને હજીરા સુધી અને બીજી તરફ જહાંગીરપુરાથી શરૂ કરીને છેક સચિન સુધીના વિસ્તારોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. ભારે વરસાદને કારણે ટ્રેનો તેમજ એસટી બસના રૂટ બંધ કરવા પડતાં હજારો મુસાફરો હેરાન થયા હતા. અનેક ટ્રેનને જે તે સ્ટેશને જ ટર્મિનેટ કરવી પડી હતી. જ્યારે મોટાભાગની ટ્રેનો ધીમે દોડી રહી હતી. સુરતમાં કરંટ લાગતા આજે સાતના મોત થયા હતા. જ્યારે ડૂબી જવાથી બેના મોત થયા હતા.

જ્યારે પલસાણા તાલુકામાં 17 ઈંચ વરસાદની સાથે કામરેજમાં બાર કલાકમાં જ પડેલા 16 ઈંચ વરસાદને પગલે સુરતમાં ખાડીઓમાં પણ પૂર આવ્યા હતા. ખાડીઓના પાણી પણ આસપાસના વિસ્તારોમાં ફરી વળ્યા હતા. એક તરફ આકાશમાંથી વરસતું પાણી અને બીજી તરફ ખાડીઓમાં

...અનુસંધાન પાના 11 પર

| સુરત જિલ્લામાં પડેલો વરસાદ (ઈંચમા) | 17.84 | 16.12 | 13.08 | 8.2 | 8.4 | 7.28 | 4.64 | 2.24 | 1.72 | 1.48 | 1.0 | 0.76 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પલસાણા | કામરેજ | સુરત | બારડોલી | મહુવા | અંબિકા | ચોર્યાસી | માંડવી | અરેઠ | ઓલપાડ | માંગરોળ | ઉમરપાડા |





# વાયનાડમાં ટનલ પ્રોજેક્ટ સાઈટ પર ભયાનક ભૂસ્ખલનઃ ૩નાં મોત

**તંત્રની** સૂચના છતાં કોન્ટ્રાક્ટરે માટીનો ઢગલો ન હટાવ્યો; 'દોડો દોડો'ના પોકાર સાથે વીડિયો વાયરલ

વાયનાડ (કેરળ), તા. ૭ : કેરળના પહાડી જિલ્લા વાયનાડના મેપ્પડી પંચાયતમાં કાલિકટ અને વાયનાડને જોડતા મલ્ટી-કરોડ ટનલ રોડ પ્રોજેક્ટની સાઈટ પર મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ એક ભયાનક ભૂસ્ખલન સર્જાયું હતું. ભારે વરસાદના કારણે ખોદકામ કરીને એકત્ર કરાયેલી માટીનો મોટો ઢગલો અચાનક ધસી પડતાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, ૧૦ લોકો ઘાયલ થયા છે અને ૫ લોકો હજુ પણ કાદવના કાટમાળ નીચે ગુમ છે.

રાજ્યના બે મંત્રીઓએ આ ઘટનાને કુદરતી હોનારત નહીં, પરંતુ કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે સર્જાયેલી 'માનવ-સર્જિત' તબાહી ગણાવી છે. ઉલ્લેખનીય છે કે, આ અકસ્માત સ્થળ ૨૦૨૪ના એ ભયાનક ભૂસ્ખલન પ્રભાવિત મુંડક્કાઈ-ચૂરલમાલા ગામોની ખૂબ નજીક છે, જ્યાં અગાઉ ૨૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

મુખ્યમંત્રી વી.ડી. સતીશને પત્રકારોને જણાવ્યું કે, પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)ના મંત્રી અને જિલ્લા કલેક્ટરે કોન્ટ્રાક્ટરોને આ વિસ્તારમાં જમા થયેલી માટી વહેલી તકે હટાવી લેવા અગાઉથી જ કડક સૂચના આપી હતી. પરંતુ, કોન્ટ્રાક્ટરોએ આ આદેશનું પાલન કર્યું ન હતું. હોમ મિનિસ્ટર રમેશ ચેન્નીથલા અને કૃષિ મંત્રી ટી. સિદ્દીકે સ્પષ્ટ કર્યું કે આ અજ્ઞાનતા અને અહંકારના કારણે સર્જાયેલી માનવ-સર્જિત આપત્તિ છે, અને સરકાર આ અંગે કડક તપાસ કરશે.

**કેમેરામાં કેદ થયો મોતનો લાઈવ વીડિયો**

ઘટના સમયનો એક રૂંવાડા ઉભા કરી દે તેવો વીડિયો સામે આવ્યો છે, જેમાં મીનાક્ષી બ્રિજ પાસે એકત્ર કરાયેલો માટીનો પહાડ પળવારમાં ધસી પડતો દેખાય છે. વીડિયોની પૃષ્ઠભૂમિમાં એક પ્રત્યક્ષદર્શી "મિત્રો, ઝડપથી દોડો!" બૂમો પાડતો સાંભળવા મળે છે. સીસીટીવી

...અનુસંધાન પાના 11 પર

**તા. ૦૭-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૨.૦ મીમી | ૧૩૪.૬૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.9 સે. | ૨૫.૪ સે. | ૮૮% |

# અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં 38 દોષિતોની ફાંસી યથાવત

**ટ્રાયલ** કોર્ટનો ચુકાદો હાઈકોર્ટે માન્ય રાખ્યો, 11ને આજીવન કેદ, મૃતકોના પરિવારને રૂ. 10 લાખ

**ગંભીર** ઇજાગ્રસ્તોને રૂ. 5 લાખ અને અન્ય ઇજાગ્રસ્તોને રૂ. 1 લાખ વળતરનો આદેશ

અમદાવાદઃ અમદાવાદ શહેરને લોહીલુહાણ કરી દેશને હચમચાવી દેનારા વર્ષ 2008ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતાં વિશેષ અદાલત દ્વારા 38 દોષિતોને ફટકારવામાં આવેલી ફાંસીની સજા અને 11 દોષિતોને આપવામાં આવેલી આજીવન કેદની સજાને યથાવત રાખી છે. ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા ફાંસીની સજાની પુષ્ટિ માટે કરાયેલી અરજીને મંજૂરી આપતાં દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી તમામ અપીલો ફગાવી દીધી છે. આ સાથે જ કોર્ટે આતંકી હુમલાના પીડિતો અને તેમના પરિવારજનોને વધારાનું વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સાથે દેશના સૌથી મોટા આતંકવાદી કેસોમાંના એકમાં લાંબી કાનૂની પ્રક્રિયાનો મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. કાયદાકીય જોગવાઈ મુજબ ટ્રાયલ કોર્ટ દ્વારા અપાયેલી ફાંસીની સજાનો અમલ હાઈકોર્ટની મંજૂરી બાદ જ શક્ય બનતો

...અનુસંધાન પાના 11 પર

### હાઈકોર્ટના ચુકાદા સામે આરોપીઓ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે

અમદાવાદના 2008ના બહુચર્ચિત સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઇકોર્ટે પોતાના ચુકાદાના અમલ પર ત્રણ મહિનાનો સ્ટે આપ્યો છે. આરોપીઓની તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમય માંગવામાં આવતા ગુજરાત હાઇકોર્ટે આ રાહત આપી છે. હવે આગામી ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન આરોપીઓ હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે. ગુજરાત હાઇકોર્ટે અગાઉ વર્ષ 2022માં વિશેષ અદાલત (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી 38 દોષિતોને ફાંસીની સજા અને 11 દોષિતોને કુદરતી મૃત્યુ સુધીની આજીવન કેદની સજા યથાવત્ રાખી હતી. ચુકાદા બાદ બચાવ પક્ષે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની તૈયારી માટે સમયની માંગણી કરી હતી, જેને ધ્યાનમાં રાખીને હાઇકોર્ટે પોતાના આદેશના અમલ પર ત્રણ મહિનાનો સ્ટે મંજૂર કર્યો છે.

## ઇન્ડોનેશિયાને મળશે બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલ

# ભારત અને ઇન્ડોનેશિયા ચીનની સરહદ પાસે સંયુક્ત પોર્ટ બનાવશે

**પીએમ** મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવો વચ્ચે સંરક્ષણ સહિત ૧૪ ઐતિહાસિક કરારો સંપન્ન; $૬૦૦ મિલિયનથી વધુની ડિફેન્સ ડીલ સાથે બંને દેશો વચ્ચે 'સુવર્ણ યુગ'ની શરૂઆત

જકાર્તા, ૭ જુલાઈઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઇન્ડોનેશિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચેના સંરક્ષણ અને વ્યાપારી સંબંધોમાં એક નવો ઈતિહાસ રચાયો છે. ભારત હવે ઇન્ડોનેશિયાને પોતાની અત્યંત શક્તિશાળી 'બ્રહ્મોસ' સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને 'અસ્ત્ર' એર-ટુ-એર મિસાઈલ સપ્લાય કરશે. પીએમ મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાનો છે.

બંને દેશો વચ્ચે સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ક્રિટિકલ મિનરલ્સ (દુર્લભ ખનિજો), સ્ટીલ સપ્લાય ચેઈન અને શિક્ષણ સહિત કુલ ૧૪ ઐતિહાસિક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બેઠક બાદ પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, "આ કરારો સાથે બંને દેશોના સંબંધોમાં એક સુવર્ણ પ્રકરણની શરૂઆત થઈ રહી છે."

મુખ્ય આકર્ષણઃ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ 'સબાંગ પોર્ટ'નો વિકાસ

ચીનના વધતા જતા સૈન્ય પ્રભાવને રોકવા માટે બંને દેશોએ એક મોટો અને વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. ભારત અને ઇન્ડોનેશિયા મળીને મલક્કાની સમુદ્રધૂની નજીક આવેલા 'સબાંગ પોર્ટ' નો સંયુક્ત વિકાસ કરશે. આ પોર્ટ ભારતના ગ્રેટ નિકોબાર પોર્ટ પ્રોજેક્ટથી માત્ર ૧૦૦ માઈલ દૂર છે. રાષ્ટ્રપતિ પ્રબોવોએ અંદામાન-નિકોબાર અને સબાંગ આઇલેન્ડ વચ્ચેના આ વ્યૂહાત્મક જોડાણને ખુલ્લું સમર્થન આપ્યું છે.

**$૬૦૦ મિલિયનની ડિફેન્સ ડીલઃ** પીએમ મોદીની હાજરીમાં આશરે ૬૦ કરોડ ડોલરથી વધુના બે સંરક્ષણ નિકાસ કરારો જાહેર કરાયા છે. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સેના માટે આ બંને હથિયાર પ્રણાલીઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફિલિપાઇન્સ અને વિયેતનામ બાદ ઇન્ડોનેશિયા ત્રીજો દેશ છે જેને ભારત બ્રહ્મોસ આપશે.

**આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ':** બંને દેશોએ આતંકવાદ સામે કડક વલણ અપનાવ્યું છે અને ટૂંક સમયમાં જ આતંકવાદ વિરોધી સહયોગ કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી છે.

**ચીનનું નામ લીધા વિના કડક સંદેશઃ** દક્ષિણ ચીન સાગરમાં ચીનની દાદાગીરી વચ્ચે બંને

...અનુસંધાન પાના 11 પર